રાષ્ટ્રીય જ્ઞાન આયોગ
c/o. સેન્ટર ફોર પોલિસી રીસર્ચ,
ચાણક્યપુરી,
નવી દિલ્હી.
જાન્યુઆરી ર૯, ર૦૦૯

માનનીય વડા પ્રધાનશ્રી,

કેન્દ્ર અને રાજ્યકક્ષાએ ઇ-ગવર્નન્સ માટેના પ્રયાસોની અનેક ચર્ચાઓ અને સમીક્ષાઓ પછી રાષ્ટ્રીય જ્ઞાન આયોગે ઇ-ગવર્નન્સનો અભ્યાસ કરવા માટે નંદન નિલેકાનીના અધ્યક્ષપદ હેઠળ એક ખાસ જૂથની રચના કરી હતી. આ જૂથના અહેવાલની ચર્ચા આયોજન પંચમાં કરવામાં આવ્યો હતી અને તે સંચાર અને માહિતી ટેકનોલોજી મંત્રી અને મંત્રીશ્રીના સ્ટાફને રજૂ કરવામાં આવતો હતો. ત્યારબાદ વહીવટી સુધારણા આયોગ સહિત બીજા લાભાર્થીઓ સાથે ધણી વખત ચર્ચા કરવામાં આવી હતી. આ ચર્ચાના આધારે અમને ખાતરી થઇ છે કે ઇ-ગવર્નન્સ વીજાણુ અને માહિતી ટેકનોલોજી અને માળખા સિવાય વહીવટી સુધારણા માટેની તક અંગે વધુ છે. અમે ઈ-ગવર્નન્સ અંગેની

અમારી ભલામણો રજૂ કરીએ છીએ જે વ્યાપકપણે પ્રોસેસ અને ધોરણો, માળખા અને સંગઠનને લગતી છે. જે નીચે આપી છે.

**૧. કોમ્પ્યુટરરાઇઝ કરતાં પહેલાં સરકારી કામગીરીને ફરી કરવી :**

હાલમાં ઈ-ગવર્નન્સના પ્રયાસો મુખ્યત્વે કરીને બ્રિટિશ રાજે પાછળ છોડી ગયેલ અને ખાતાની સીમાઓ અને પસંદગીની અગ્રતાઓમાં કામ કરતા અસંખ્ય નવા સ્તરો અને ભારતીય બાબુશાહીના ભંડારોથી લદાયેલ વર્ષો જૂની કોમ્પ્યુટરાઇઝ પ્રક્રિયા ઉપર આધારિત છે. પરિણામે આપણે ગૂંચવાડાભરી પ્રક્રિયાઓનું કોમ્પ્યુટરાઇઝ કરીએ છીએ અને તેથી તેમાંથી યોગ્ય લાભ મેળવતા નથી. હાલની સરકારી કામગીરીનું એકલું ડિજિટલાઇઝેશન કરવાથી ખર્ચ, ગૂંચવાડો, વિલંબ અને સંકુલતાના વધુ થરમાં ઉમેરો થશે. અમારા નિર્ણય પ્રમાણે અત્યારે ભારતના ઇતિહાસમાં બ્રિટિશરાજને બાજુએ મૂકીને ૨૧મી સદીના નૂતન ભારતના નિર્માણ માટે સરકારી કામગીરીને નવેસરથી ઘડીને આધુનિક બનાવવાની એક અદ્વિતીય તક છે. તેથી એ જરૂરી છે કે પ્રથમ તો નાગરિકને કેન્દ્રમાં રાખીને નાગરિકો,

વેપારીઓ, ઉત્પાદકો અને ઉપભોક્તાઓને મુશ્કેલીઓથી રહિત અધિકારો આપીને સરકારી કામગીરીને ફરી ઘડવાની છે. જેમાં બ્રિટિશ રાજના જૂના અવિશ્વાસ અને નિયંત્રણની શાસન વ્યવસ્થાને બદલવાની છે. સરકારી કામગીરીના નવઘડતરથી સેવાઓ મેળવવામાં જોઇતાં એક પછી એક પગલાંની સંખ્યા અને તેનો સમય ઘટશે, વ્યક્તિગત કામગીરી, જવાબદારીની ભાવના, કાર્યક્ષમતા, ઉત્પદકતા તેમજ નીતિઓ અને કામગીરીમાં પારદર્શકતા આવશે.

**૨. ૧૦ થી ૨૦ અગત્યની કામગીરીઓ અને સેવાઓ :**

નાગરિકો પર તાત્કાલિક અસર કરવા માટે અગત્યની કામગીરી અને સેવાઓને ઓળખી કાઢીને સરળ બનાવવાનું અગત્યનું છે. એટલે કે શરૂઆતમાં ૧૦ થી ૨૦ છે. જે હાલમાં મુશ્કેલ, નોકરશાહીભરી અને બિન જરૂરી વિલંબ અને ભષ્ટાચારથી પણ ભરેલી છે. આ કામગીરીને સરળ બનાવીને વેબ આધારિત સેવાઓ તરીકે ઉપલબ્ધ બનાવી શકાય. શરૂઆતમાં આ સેવાઓમાં જન્મનું પ્રમાણપત્ર, મૃત્યુનું પ્રમાણપત્ર, નિવાસ, રેશન કાર્ડ, ઓળખપત્ર વગેરેના પુરાવાનો

સમાવેશ કરી શકાય. વખત જતાં બીજી કામગીરી ઉમેરી શકાય. આ અભિગમમાં દરેક રાજ્યે ભેગા મળીને આ કામગીરીનો અમલ કરવાનો રહેશે અને એક બીજામાંથી શીખવાનું રહેશે.

**3. સમાન ધોરણો :**

હાલમાં જુદી જુદી રાજ્ય સરકારો પોતાની કામગીરીમાંથી થોડીક પસંદ કરીને કોમ્પ્યુટરાઇઝ કરી રહી છે અને ઇ-ગવર્નન્સ પૂરી પાડી રહી છે. આમાંના ઘણા કાર્યક્રમો વિક્રેતાઓ દ્વારા ચલાવાય છે અને તેમાં વધારો કરી શકાય તેમ નથી. બધાં રાજ્યો અને કેન્દ્રીય મંત્રાલયોમાં નાગરિક/વેપારી હકોનાં ધોરણોનો એક સરખો વિકાસ કરીને અમલ કરવાનું અગત્યનું છે તથા તેમાં કાર્યો, મતદાન, વેરાઓ, પ્રમાણપત્રો, નાણાકીય ઉત્પાદનો, વ્યક્તિઓ માટે કાયદાનો અમલ અને કલ્યાણ, જમીન, ધંધા, સંસ્થા વગેરેની મિલકતોનો સમાવેશ થાય છે. આ ધોરણો હાર્ડવેર કેન્દ્રિત અને વિક્રેતા આધારિત નહીં હોવા જોઇએ પણ જ્યાં તેઓ નકકી કરે ત્યાં રાજ્ય, પંચાયત સંસ્થા, વેપારી ગૃહો, બિન સરકારી સંગઠનો કે નાગરિકો સરળતાથી તેમાં ભાગ લઇ શકવાં

જોઇએ. આ ધોરણો, બીબાં અને માહિતીના નમૂનાઓ અદ્યતન વલણો, ટેકનોલોજી, સોફ્ટવેર, ઉપભોકતાનો સહયોગ, અરસપરસ અદલા-બદલીની જરૂરિયાતની જાણકાર સરકારી, આઇ.ટી કંપનીઓ, શિક્ષણશાસ્ત્રીઓ, સંશોધન અને વિકાસ સંસ્થાઓ અને ઉપયોગ કર્તાઓ/લાભાર્થીઓમાંથી પસંદ કરેલ નિષ્ણાતોની એક ટુકડી દ્વારા કાળજીપૂર્વક તૈયાર કરવા જોઇએ. બધી રાજ્ય સરકારો આ નવાં ધોરણોનો અમલ કરે એવી અમે ભલામણ કરીએ છીએ. સાથેસાથે રાજ્ય સરકારો દ્વારા અનુસરાતાં કેટલાંક ધોરણો પણ દાખલ કરવાની જરૂરિયાતથી અમે માહિતગાર છીએ.

**૪. ભૂતકાળની શ્રેષ્ઠ પ્રથાઓ અને પાઠો :**

ધણાં કેન્દ્રીય મંત્રાલયો અને રાજ્ય સરકારોમાં ધણી જ કામગીરી થઇ છે. ચાવી એ છે કે આમાંથી શીખવું જોઇએ અને ઉપયોગ કરવામાં સરળતા હોય અને અરસપરસ કામમાં લઇ શકાય તે માટે પોષાઇ શકે અને દેશભરમાં અપનાવી શકાય તેવી સર્વશ્રેષ્ઠ પદ્ધતિઓ તૈયાર કરવી

જોઇએ. અમે નોંધીએ છીએ કે સરકારની પોતાની કચેરીઓ, પ્રયોગશાળાઓ, નિયામકની કચેરીઓ વગેરે પાસે પુષ્કળ પ્રમાણમાં ઉપયોગી અને સુસંગત માહિતી છે. (એટલે નેશનલ બ્યુરો ઓફ સોઇલસાયન્સ એન્ડ લેન્ડ યુઝ પ્લાનિંગ NBSSLUP નાં સાત કેન્દ્રો) જેને ડિજિટલાઇઝ કરીને ઉપયોગ અને પૃથક્કરણ માટે લોકોને સુલભ કરાવવાની જરૂર છે. આમાં એક એજન્સીએ ભેગી કરેલી માહિતીને રાષ્ટ્રીય સુરક્ષાની સંવેદનશીલતાને અધીન રહીને બધી એજન્સીઓ તેમજ લોકોને સુલભ કરાવવાની જરૂર છે.

**૫. રાષ્ટ્રીય માળખું :**

બધી કક્ષાએ સરળતાથી મળી શકે તેવા રાષ્ટ્રવ્યાપી સલામત બ્રોડબેન્ડ માળખા અને એસોસીએટેડ હાર્ડવેર, સોફ્ટવેર અને હોસ્ટિંગ સુવિધાઓ પૂરી પાડવાનું જરૂરી છે. આ માળખું ઉપભોક્તા ચૂકવેના સિદ્ધાંત ઉપર આધારિત હશે અને મૂડી રોકાણની જાહેર-ખાનગી ભાગીદારી અને અસરપરસ જવાબદારી અને કાર્યક્ષમતા ઉપર આધારિત હશે. આ માળખાના નિર્માણની આગેવાની કેન્દ્ર સરકાર લેશે

અને રાજ્યની ભાષા, સંસ્કૃતિ, વારસો અને નાણાકીય સ્થિતિને ધ્યાનમાં લીધા સિવાય દરેક આપલે વખતે ઉચ્ચ કક્ષાની સલામતી, એકરૂપતા અને ધોરણોનો અમલ કરાશે.

**૬. વેબ આધારિત સેવાઓ :**

ધોરણોનું પાલન થાય અને વહીવટ એક સરખો પ્રતિભાવશીલ અને પારદર્શક બની રહે તે માટે એવી ભલામણ કરવામાં આવે છે કે રાજ્ય સરકારો ભારતીય ભાષાઓમાં સ્થાનિક માહિતી અને સેવાઓ આપવા કેન્દ્ર સરકારે તૈયાર કરેલ ટેમ્પ્લેટ (બીબાં) નો ઉપયોગ કરે. આ નમૂનામાં ભવિષ્યની જરૂરિયાત માટે ટકી રહે અને અનુકૂળ રહે તે માટે એકસેસ ઇન્ફ્રાસ્ટ્રકચર (ઉપલબ્ધિ માળખું) ઊભું કરવામાં અને યુઝર ફ્રી કલેકશન માટેનું સંબંધિત વેપાર મોડેલ બનાવવાનું અને બધા લાભાર્થીઓને આપવાની કામગીરી ઊભી કરવામાં ખાનગી ક્ષેત્ર મૂડી રોકી શકે છે. આનો અર્થ એ થયો કે બધી જાહેર સંસ્થાઓએ સુનિશ્ચિત કરશે કે જાહેર માહિતી વેબ ઉપર મળી રહે છે.

**૭. ઓપન સોર્સ સોફ્ટવેર :**

ભારતમાં ઇ-ગવર્નન્સ પ્રસરતા વિપુલ કદ અને શક્યતાને કારણે તથા ભારતની વિશ્વમાં માન્ય સોફ્ટવેર કુશળતાની સુલભતાને કારણે આપણે શકય હોય ત્યાં ખુલ્લા સોફ્ટવેર અમલ અને ખુલ્લાં ધોરણોને સક્રિયપણે પ્રોત્સાહન આપવું જોઇએ. આનાથી આપણને સરળ ઉકેલો મળશે અને ખુલ્લી સોફ્ટવેર પેદાશો અને ધોરણો વિકસાવવામાં મદદ થશે. તે વારંવાર ટેન્ડરો બહાર પાડવાથી થતો વિલંબ ઓછો થશે.

**૮. વિશેષજ્ઞ મુખ્ય માહિતી ટેકનોલોજી અધિકારી (CITO) :**

દરેક રાજય અને કેન્દ્ર સરકારના મુખ્ય વિભાગોએ મુખ્ય વિષય અને આઇ.ટી. ઉપયોગમાં સંબંધિત કુશળતા અને નિષ્ણાત જાણકારી સાથે સજ્જ મુખ્ય માહિતી ટેકનોલોજી અધિકારી ઊભા કરવા જોઇએ. આ જગ્યાઓ ખુલ્લી ભરતીથી ભરવી જોઇએ અને તે ભારતમાં ટેકનોલોજીની દૃષ્ટિએ યોગ્ય કુશળતા ધરાવતી પ્રતિભાશાળી વ્યક્તિઓમાંથી ઉત્તમ અને સૌથી વધુ તેજસ્વી હોય તેવી વ્યક્તિઓમાં

લેવાવી જોઇએ. આ વ્યક્તિઓને બજારમાં ચાલતો પગાર અપાવો જોઇએ અને તેઓ સરકારમાં ત્રણ વર્ષના કરારથી રહેશે. તેમની નિમણૂકને કામગીરીના આધારે ફરી તાજી કરી શકાશે.

**૯. નવા રાષ્ટ્રીય કાર્યક્રમો :**

સરકાર ભારત નિર્માણ, ગ્રામીણ રોજગાર બાંયધરી યોજના, શહેરી વિકાસ પહેલ વગેરે પાછળ સેકડો હજાર કરોડ રૂપિયા ખર્ચવાનું વિચારે છે ત્યારે એવી ભલામણ કરવામાં આવી છે કે આ દરેક કાર્યક્રમ ઝડપી કાર્ય નિકાલ, ઉત્પાદકતા અને કાર્યક્ષમતા સુનિશ્ચિત કરે તેવા સુયોજિત ઈ-ગવર્નન્સ અમલ અને વેબ આપલે સાથે શરૂ કરાય એવું અમે ફરમાવીએ છીએ. કામ નિકાલમાં ઝડપ આવે અને ચોરી અટકે તેવી નવી કામગીરી અને સંલગ્ન ઈ-ગવર્નન્સ માળખું સ્થાપવામાં રાષ્ટ્રીય કાર્યક્રમના અંદાજપત્રના ૧ થી ૨ ટકા રોકવામાં આવે એવી અમે ભલામણ કરીએ છીએ.

## ૧૦. કેન્દ્રિત સંઘટન :

રાષ્ટ્રીય ઇ-ગવર્નન્સ સફળ થાય તે માટે સંપૂર્ણ સ્વાયત અને જવાબદારી સાથે સમર્પણની ભાવનાથી કામ કરે તેવા માળખા સાથે એક યોગ્ય કેન્દ્રીય સંગઠન બનાવવાનું અગત્યનું છે. એવી ભલામણ કરવામાં આવે છે કે કાર્યવાહી અને કામગીરીને ફરી ઘડવા માટે, નિષ્ણાત જાણકારીના ક્ષેત્રમાંની વિવિધતા અને વિવિધ લાભાર્થીઓનું પ્રતિનિધિત્વ કરે અને મુખ્ય માહિતી ટેકનોલોજી મંત્રાલયમાંથી સહાય સાથે નેશનલ ઈ-ગવર્નન્સ યોજના ચલાવવા માટે આઇ.ટી.ઉદ્યોગ અને સરકારમાંથી લીધેલા બોર્ડના સભ્યો સાથે મુખ્ય વહીવટી અધિકારી સાથે અમે સંગઠન બનાવીએ.

આ સંગઠનના કાર્યમાં નીચેનાનો સમાવેશ થશે પણ તેટલા પૂરતું મર્યાદિત નહિ રહે.

(ક) પ્રક્રિયા ફરી ઘડવાને લગતા વહીવટી સુધારા;

(ખ) ઈ-ગવર્નન્સ માટે સમાન રાષ્ટ્રીય આઇ.સી.ટી. માળખું પૂરું પાડવું અને નિભાવવું;

(ગ) પસંદગીની સેવા ભાવનાની યોજનાઓ અંગે તાત્કાલિક ધ્યાન આપીને અમલ માટે નેતાગીરી અને માળખું પૂરું પાડવું; અને

(ઘ) મુખ્ય માહિતી ટેકનોલોજી અધિકારીઓ(CITOs)ની મદદથી ઇ-ગવર્નન્સ માટે તટસ્થ પરામર્શક માળખું અને ધોરણો પૂરાં પાડવાં.

આ મુદ્દા દર્શાવતા વિગતવાર પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશન જોવા માટે આ સાથે જોડેલ છે. આ રજૂઆત અંગે આયોજન પંચ અને આઇ.ટી. મંત્રાલય સાથે ચર્ચા કરવામાં આવી હતી.

સરળતા, પારદર્શકતા, ઉત્પાદકતા અને કાર્યક્ષમતા માટે આપણા મૂળભૂત વહીવટી માળખાને સૌ પ્રથમ બદલવા માટે, મહત્ત્વનો ફેરફાર

કરે તેવી ૧૦ થી ૨૦ સેવાઓને પસંદ કરવી, વેબ સાઇટ આધારિત સેવાઓ પૂરી પાડવી. સમાન ધોરણો સ્થાપવાં અને તેને નાગરિકલક્ષી બનાવવા માટે ઇ-ગવર્નન્સ માટેનો સમાન મંચ/માળખું ઊભું કરવા માટે આપણી કામગીરીને આપણે ફરી ઘડવાની જરૂર છે તે હકીકત ઉપર ભાર મૂકે છે.

તે પછીના પગલા તરીકે પ્રબળ પ્રતિબદ્ધ નેતાગીરી, સ્વાયત્તતા, પરિવર્તનશીલતા, સ્પષ્ટ હેતુ, પૂર્વ નિર્ધારિત રીતે કામનો નિકાલ, માપી શકાય તેવાં સીમા ચિહ્નો અને ૩ થી ૫ વર્ષમાં રાષ્ટ્રીય ઇ-ગવર્નન્સ કાર્યક્રમનો અમલ કરવા માટે સામયિક દેખરેખ સાથે સરકારી કામગીરીને ફરી ઘડવાને લગતા સંગઠન વિષયક મુદ્દાઓ ઉપર ધ્યાન આપવાની અમે ભલામણ કરીએ છીએ.

આભાર અને ઉષ્માભર્યા અંગત આદર સાથે.

**સહી**

**સામ પિત્રોડા**

**ચેરમેન**

**રાષ્ટ્રીય જ્ઞાન**

**આયોગ**

(નકલ રવાના - ડેપ્યુટી ચેરમેન, પ્લાનિંગ કમિશન, સંચાર અને માહિતી પ્રોદ્યોગિકી મંત્રી અને ચેરમેન, વહીવટી સુધારા આયોગ )